# રામાયણ અને મહાભારતને સ્ત્રીના દ્રષ્ટિકોણથી પણ લખવી અને દર્શાવવી જોઈએ

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે ગઈકાલે 'જીનએલયુ ક્રીટીક' પ્રથમ પલ્પ એપિસોડનું આયોજન કરવામાં આવ્યું હતું જેની થીમ 'ગોડ ઈઝ અ વુમન' રહી હતી. જેમાં એક પ્રખ્યાત પોપ સ્ટાર એરિયાના ગ્રાન્ડે દ્વારા એક પિતૃસત્તાત્મક ખ્યાલને બદલતો વિડીયો 'વ્હેન ગોડ વોઝ વુમન' તૈયાર કર્યો છે. આ વિડીયોની પ્રેરણા તેને મરીયન સ્ટોન નામની હિસ્ટોરીયનની પુસ્તકમાંથી મળી છે. આ વિડીયોમાં તેણીએ સ્ત્રી સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિકવાદ અને અસામાન્ય છબીનો ઉપયોગ કર્યો છે જેમાં સ્ત્રીત્વ, નારીવાદી ચળવળની શક્તિ અને પ્રગતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં રાખીને કોલેજની ગર્લ્સ સ્ટુડન્ટસે આ વિષય પર વિવિધ પ્રતિભાવ આપતા સેશનનું આયોજન કર્યું હતું જેમાં ગર્લ્સ સ્ટુડન્ટસે 'સ્ત્રીરૂપી ભગવાનની સ્થાપના કરીએ તો સ્ત્રીસશક્તિકરણના આંદોલનને વધુ વેગ મળશે કે પછી ધર્મની સાથે સીધો સંઘર્ષ થશે' આ મુદ્દા પર પ્રકાશ પાડ્યો હતો.

## અગાઉ સ્ત્રીપ્રધાન ધર્મ અસ્તિત્વમાં હતા

નિત્યા બોથરાએ કહ્યું કે, આપણે વર્ષો પહેલાની સ્થિતિ પર પણ નજર નાંખીએ તો રામાયણ અને મહાભારતમાં વાર્તા માત્ર પુરુષોની આસપાસ રહેતી અને એક પુરુષના દ્રષ્ટિકોણથી તેને લખવામાં આવ્યું છે. તેટલું જ નહી તેને જ્યારે નાટકમાં કે ફિલ્મી પડદે દર્શાવવામાં આવી ત્યારે પણ આ જ દ્રષ્ટિકોણથી દર્શાવાઈ છે. ત્યારે જરૂરી છે કે હવે આ વાર્તાને સ્ત્રીના દ્રષ્ટિકોણથી પણ લખવી અને દર્શાવવી જોઈએ. અગાઉ સ્ત્રીપ્રધાન ધર્મો અસ્તિત્વમાં હતા આજે તેનો નાશ થયો છે. - **નિત્યા બોથરા**

## જે રીત મહિલાઓ આગળ આવી છે તેનાથી સ્ત્રી-પુરુષનો ભેદ મટશે

આજની દુનિયામાં ફિલ્મો, વેબસિરીઝ અને અન્ય માધ્યમોમાં પણ લીડ કેરેક્ટરમાં સ્ત્રીઓ જોવા મળી રહી છે. આજે લોકો સમજી રહ્યા છે કે સ્ત્રી શક્તિશાળી બની રહી છે અને ભવિષ્યમાં આને કારણે સ્ત્રી-પુરુષનો ભેદ મટી રહ્યો છે. - **અજ્ઞાની સિંઘ**

Scanned by CamScanner